Vol. 12, Issue: 7, July: 2024
(IJRSML) ISSN: 2321 - 2853

# પ્રવાસન દ્રષ્ટિએ ખેડા જિલ્લો

વિક્રમભાઈ ભુલાભાઈ ભોઈ
પી.એચ.ડી.સ્કોલર ઈતિહાસ વિભાગ,
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી, ગોધરા.

“ખેડા જિલ્લાના પ્રવાસ સ્થળો: એક અભ્યાસ” વિષય અંતર્ગત શોધકાર્ય કરવાનો મારો મૂળ ઉદ્દેશ્ય ખેડા જિલ્લાના પ્રવાસ સ્થળોની માહિતી મેળવીને તેના વિકાસની શક્યતાઓને તપાસવી અને સ્થાનિક લોકોના જીવન ધોરણમાં આવેલા બદલાવ કે વિકાસને જાણવાનો છે. ખેડા જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ પ્રવાસન સ્થળો અને કેટલાય અપ્રકાશિત અને નવા પ્રવાસ સ્થળો  તરીકે વિકાસની શક્યતાઓ છે. તેથી પ્રવાસન સ્થળો વિશે માહિતી એકત્રિત કરીને લોકો સમક્ષ લાવીને  તેનો લાભ  પ્રજાને આપવાનો છે.

“ખેડા જિલ્લાના પ્રવાસ સ્થળો: એક અભ્યાસ” વિષયનો સંશોધન કરવા માટે વિવિધ માહિતી એકત્રિત કરીને તેને સત્યતા તપાસવા માટે જુદી જુદી પદ્ધતિઓનો ઉપયોગ કર્યો છે. જેમાં સ્થળ તપાસ,વિવિધ સંસ્થાઓની મુલાકાત, સમાચાર પત્રો,ટીવી ચેનલો, ઇન્ટરનેટ, સંદર્ભ ગ્રંથો, સામાયિકો, વ્યક્તિગત મુલાકાતો તેમજ લેખિત નિવેદનનો સમાવેશ કરવામાં આવેલ છે.જેમાં નીચેની વિગતોનો સમાવેશ કર્યો છે:

## ૧.પ્રવાસનો અર્થ અને મહત્વ

### *૧.૧ અર્થ*

“સામાન્ય શબ્દોમાં કહીએ તો જ્ઞાન અને આનંદ માટે કોઈ વ્યક્તિ કે વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું ભ્રમણ એ પ્રવાસન છે”.  સંસ્કૃત સાહિત્યમાં પ્રવાસન માટે ત્રણ શબ્દોનો ઉલ્લેખ કર્યો છે. જે મૂળ શબ્દ “અટલ” પરથી ઉતરી આવ્યો છે.અટલ એટલે કોઈ અન્ય સ્થળ માટે ઘરથી કરેલું પ્રસ્થાન.

“જ્યાં પાય ઉઠે ત્યાં રાજમાર્ગ, જ્યાં તરતો ત્યાં મહાસાગર,
જે ગમ ચાલુ એ જ દિશા ,મુજ ધ્રુવ વ્યાપે સચરાચર. ”
હું તો નિત્ય પ્રવાસી.[1]   -હરિન્દ્ર દવે

સંસ્કૃત સાહિત્યમાં પ્રવાસન માટે ત્રણ શબ્દોનો ઉલ્લેખ કર્યો છે જે મૂળ શબ્દ “અટલ” પરથી ઉતરી આવ્યો છે.અટલ એટલે કોઈ અન્ય સ્થળ માટે ઘરથી કરેલું પ્રસ્થાન.

૧. પર્યટન જ્ઞાન તથા આનંદ માટે ઘરથી બહાર જવું પર્યટન મૂળ તો પ્રવાસન છે.
૨. દેશાટન- મુખ્ય રૂપથી આર્થિક લાભ માટે દેશની બહાર જવું.
3. તિર્થાટન-ધાર્મિક મહત્વના સ્થળે યાત્રા કરવી.

આ ઉપરોક્ત ત્રણ શબ્દો પ્રવાસનો વ્યાપક અર્થ સ્પષ્ટ કરવા માટે ઘણા જ અગત્યના છે.[2] અંગ્રેજી શબ્દ TORUSM નો સબંધ TOUR સાથે છે.જે લેટિન ભાષામાંથી લેવામાં આવ્યો છે TORNOS નો અર્થ ઓજાર એવો થાય છે જે કે પાયાની તરફ ગોળાકાર હોય છે.આ એક ગોળાકાર પિન છે. આ TORNOS શબ્દને યાત્રા,ચક્ર અથવા પેકેજ ટૂર, યાત્રા વિચાર સૂચન કરે છે. જે આધુનિક પર્યટનનો મુખ્ય આધાર છે.લગભગ ઈ.સ.૧૬૪૩માં આ શબ્દનો ઉપયોગ વિવિધ સ્થળોની યાત્રા કરવા કર્યો છે.TOUR એ હિબ્રુ શબ્દ છે.જે હિબ્રુ શબ્દ TORAH માંથી લેવામાં આવ્યો છે.જે યહૂદીઓના વિધાન સબંધિત છે.યહૂદી વિધાન, યહૂદીઓની રહન સહનની પરિભાષા વર્ણિત કરે છે.

TOURનો અર્થ છે કે યાત્રી વિશેષ સ્થાન પર જઈ શોધ કરવાનો છે. જેના થકી એક પ્રકારની પ્રવાસની જીજ્ઞાસા થાય છે. જે એ સ્થાનનો પૂર્ણ જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરે છે. જે તેણે સાંભળી છે તથા તેની સાથે તેને વ્યાપાર તથા રોજગારીની સંભાવનાઓ અંગે જાણકારી, સ્વાસ્થ્ય તેમજ શિક્ષણ લાભ, પર્યાવરણ અને મનોરંજન સંબંધિત સંપત્તિના વિષયમાં પૂરી જાણકારી પ્રાપ્ત કરવાની આશા રહેલી હોય છે.[3]

### *૧.૨ પ્રવાસનું મહત્વ*

માનવી એ સામાજિક પ્રાણી છે તેનો કોઈ પણ કામ કોઈકને કોઈ ઉદ્દેશ સાથે જોડાયેલ હોય છે. તેને સિદ્ધ કરવા માટે માનવી વિવિધ પ્રકારની યોજનાઓ અને વિકલ્પોનો સહારો લેછે.જેના દ્વારા પોતાનો,પોતાના પરિવારનો તેમ જ દેશનો વિકાસ થઈ શકે છે પ્રવાસ નું મહત્વ નીચે મુજબ હોઈ શકે.

### *૧.૨.૧ આર્થિક મહત્વ*

પ્રવાસની સેવાઓ અને ઉદ્યોગો પર પણ અસર પડે છે.તેનાથી પરિવહન, હોટલ,રેસ્ટોરન્ટો,દુકાનો,મનોરંજન સ્થળો,ઉદ્યોગોનો વિકાસ થાય છે,પ્રવાસીઓના પ્રવાસથી સ્થાનિક લોકોની આર્થિક વૃદ્ધિ થાય છે. પ્રવાસ સ્થળો અને વિકાસથી કુશળ અર્થ કુશળ અને નિરાધાર લોકોનો આર્થિક ઉત્કર્ષ થાય છે.પ્રવાસથી વિદેશી હૂંડિયામણ પણ પ્રાપ્ત થાય છે.એક વિદેશી પ્રવાસી ભારતમાં આવીને ખર્ચ કરે છે. દેશનો આર્થિક ઉત્કર્ષ થાય છે આથી પ્રવાસ એકે ઉદ્યોગ છે.

ભારતમાં પ્રવાસ એ વિકસતો ઉદ્યોગ છે. ભારતમાં હીરા ઉદ્યોગ,વસ્ત્રો ઉદ્યોગ પછી પર્યટન ઉદ્યોગનો સમાવેશ થાય છે.ઈ.સ. ૧૯૫૧માં ભારતમાં વિદેશથી ૧૭૦૦૦ પ્રવાસીઓ આવ્યા હતા. જ્યારે ૨૦૧૩માં ૬૯.૭ લાખ વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા. જેનાથી ભારતની કરોડો રૂપિયાની આવક થઈ હતી. આથી પ્રવાસથી ભારતનો આર્થિક વિકાસ સતત થઈ રહ્યો છે આપણા દેશમાં દર વર્ષે વિદેશથી પાંચ લાખ પ્રવાસીઓ પ્રવાસ કરવા આવે છે. જોકે વિશ્વના બીજા દેશો કરતા આ સંખ્યા થોડી ઓછી છે. આ માટે સામાજિક અને સરકારી નીતિઓ ફેરફાર કરવો ખૂબ જ જરૂર છે. પ્રવાસના કારણે ઘણા બધા વ્યવસાયોનો વિકાસ થાય છે. એરલાઇન્સ ટૂર, ઓપરેટર મનોરંજન ઉદ્યોગ,લોક કલાઓ, ક્ષેત્ર પર આધારિત સાહિત્યની રચના, સ્થળ નિર્માણ ચિત્ર, ટ્રાવેલ્સ એજન્સી ટુર ઓપરેટરનો પણ સમાવેશ થાય છે.[4]

**૨. ખેડા જીલ્લાનું ભૌગોલિક દ્રષ્ટિએ મહત્વ**

ખેડા જીલ્લો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજયના મધ્યમાં આવેલો એક જીલ્લો છે. તના હાલના ૩૩ જીલ્લાઓ પૈકી એક જીલ્લો છે. જેનું પાટનગર નડિયાદ મુખ્ય મથક છે.જેની કુલ વસ્તી ૨૨,૯૯,૮૮૫ છે.ખેડા જીલ્લો ખેતીમાં ઘણો સમૃદ્ધ છે .જીલ્લાના મુખ્ય પાકમાં તમાકુ છે.આ ઉપરાંત કપાસ,બાજરી,અને ઘઉં પણ સારા એવા પ્રમાણમાં પાકે છે.

ખેડા જીલ્લાનો ઈતિહાસ જોઈએ તો ૧૯૯૭ના ઓક્ટોબર મહિનામાં ગુજરાત રાજ્યમાં જિલ્લા તેમજ તાલુકાઓના વિભાજન થવાથી ખેડા જિલ્લા માંથી આનંદ જિલ્લાને અલગ કરવામાં આવ્યો હતો. ખેડા જીલ્લાનો ચરોતર વિસ્તાર મૂળ ચાર તાલુકા ધરાવતો હતો. જેમાં આણંદ, બોરસદ, નડિયાદ અને પેટલાદ તાલુકાઓનો સમાવેશ થતો હતો.જયારે જિલ્લા વિભાજન કરવામાં આવ્યું ત્યારે નડિયાદ તાલુકો ખેડા જીલ્લામાં આવ્યો બાકીના ત્રણ તાલુકાનો સમાવેશ આણંદ જીલ્લામાં કરવામાં આવ્યો. ખેડા જીલ્લામાં ખેડા, માતર, વસો, નડિયાદ, કપડવંજ, મહુધા, ઠાસરા, કઠલાલ, મહેમદાવાદ અને કપડવંજ તાલુકાઓનો સમાવેશ થાય છે.

**૩.ખેડા જીલ્લાના પ્રવાસન સ્થળોમાં ડાકોર મંદિર**

***૩.૧ ડાકોર રણછોડરાય મંદિર***

હાલનું ડાકોર ડંક ઋષિને લીધે નહીં, પણ ભગવાન શ્રીકૃષ્ણના પરમભક્ત ભગત બોડાણાને લીધે જાણીતું છે. દંતકથા અનુસાર પાછલા જન્મમાં તેઓ ગોકુલના વિજયાનંદ નામના ગોવાળ હતા. વિજયાનંદને ભગવાને વરદાન આપ્યું હતું કે કળિયુગમાં તેઓ ગુજરાતમાં ક્ષત્રિય કુળમાં વિજયાનંદ બોડાણા તરીકે જન્મ લેશે અને તેમની હાલની પત્ની સુધા પુનઃજન્મમાં તેમની પત્ની ગંગાબાઈ તરીકે જન્મ લેશે. ત્યારે પોતે તેમને દર્શન આપીને મોક્ષ અપાવશે.દંતકથા પ્રમાણે કળીયુગમાં તેઓ ગુજરાતમાં ક્ષત્રિય કુલ માં જન્મ્યા તેઓ હાથમાં હમેશા તુલસીનો છોડ રાખતા તેઓ આ છોડ લઈને દર છ મહીને દ્વારિકા ભગવાન શ્રી કૃષ્ણના દર્શન કરવા જતા.આ નિયમનું તેઓ ચુસ્તપણે પાલન કરતા હતા,પરંતુ ઢળતી વયે દર છ માસે દ્વારિકા જવું મુશ્કેલ બન્યું ત્યારે ભગવાન શ્રીકૃષ્ણ એ કહ્યું ફરીથી આવો ત્યારે બળદગાડું લઈને આવજો,જેમાં બેસી હું ડાકોર આવીશ.ત્યારબાદ શ્રી કૃષ્ણ બોડાણા સાથે ડાકોર આવવા નીકળે છે.એવું કહેવાય છે કે તેઓ ઉમરેઠ નજીક વિસામો કરવા રોકાયા ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ લીમડાની ડાળીનો સ્પર્શ કર્યો તે દિવસથી લીમડાની ડાળખીના એક પાનાનો સ્વાદ મીઠો થયો.

આ બાજુ ભગવાનની આજ્ઞા પ્રમાણે ભક્ત બોડાણાએ ગાડું આગળ ચલાવ્યું અને ડાકોર પહોચ્યા અને મૂર્તિને ઘરમાં સંતાડી દીધી. એ દિવસ એટલે સંવત ૧૨૧૨નો કારતક સુદ પૂનમ.પેલી બાજુ સવારમાં દ્વારકામાં મંદિર ઉઘાડતાં તેમાંથી મૂર્તિ અદ્રશ્ય થયેલી જણાઈ.ભકત બોડાણા આ મૂર્તિ લઇ ગયા એવી જન થતા ગુગળી બ્રાહ્મણો અને બીજા લોકો બોડાણાની પાછળ ચાલી નીકળ્યા તેઓ શોધ કરતા કરતા ડાકોર આવી પહોચ્યા. તેની જાણ થતા ભક્ત બોડાણો ગભરાયો પરંતુ ભગવાને તેમને બચવાનો ઉપાય બતાવ્યો

તે મુજબ ભગવાનની મૂર્તિને બોડાણાએ ગોમતી નદીમાં સંતાડી દીધી.ત્યારબાદ ગૂગળી બ્રાહ્મણોનો ખુશ કરવા બોડાણાની ધર્મ પત્ની ગંગાબાઈએ નાકની વાળી બ્રાહ્મણોને આપી તેમને દ્વારિકા વિદાય કર્યા, ત્યારબાદ ભગવાન રણછોડરાય ડાકોરમાં બિરાજમાન થયા એવી લોક માન્યતા છે.[5]

**સંદર્ભસૂચિ**

૧. શાહ, આર. જે. ટુરીઝમ ડેફીનેશન એન્ડ રેગ્યુલેશન, કોરાટ પી.જી.અને દેસાઈ, મહેબુબ, ઇતિહાસમાં પ્રવાસન વિનિયોગ, ભાવનગર યુનિવર્સિટી ભાવનગર ૨૦૦૪,પૃ-૮૫.

૨. જોષી, અજીત, અમિતકુમાર અને જોશી, મહિમા ભારતમે આધુનિક પર્યટન, રાહત પબ્લિકેશન જયપુર, ૨૦૧૦, પૃ-૪.

૩. પાંડે, અનુપમ પર્યટન કા સ્વરૂપ, ડિસ્કવરી પબ્લિશિંગ હાઉસ, નવી દિલ્હી,૨૦૦૭.

૪. બંસલ, સુરેશ ચંદ્ર,પર્યટન સિધ્ધાંત એવમ યાત્રા પ્રબન્ધ, મીનાક્ષી પ્રકાશન,મેરઠ.

૫. https://www.sandesh.com/supplement/o-dakorna-thakor-open-your-closed-doors.